શ્રીમદ્ભગવદ્ગીતા-ગુણત્રય વિભાગ યોગ

(ચૌદમો અધ્યાય)

(શ્રીપુરુષોત્તમજીકૃત ‘અમૃતતરંગિણી’ તથા
શ્રીવલ્લભજીકૃત ‘તત્વદીપિકા’ના આધારે અન્વય તથા
સરળ ગુજરાતીમાં ભાવાર્થ સહિત)

અન્વય - ભાવાર્થ :-

પૂ.ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી-વડોદરા.

: પ્રકાશક :

શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ

શ્રીમદ્ભગવદ્ગીતા-ગુણત્રય વિભાગ યોગ

(ચૌદમો અધ્યાય)

અથ ચતુર્દશોऽધ્યાયઃ

શ્રીભગવાન્ ઉવાચ (શ્રીભગવાન બોલ્યા)

પરં ભૂયઃ પ્રવક્ષ્યામિ જ્ઞાનાનાં જ્ઞાનમુત્તમમ્ ।
યજ્જ્ઞાત્વા મુનયઃ સર્વે પરાં સિદ્ધિમિતો ગતાઃ ॥ ૧ ॥
ઈદં જ્ઞાનમુપાશ્રિત્ય મમ સાધર્મ્યમાગતાઃ ।
સર્ગેऽપિ નોપજાયન્તે પ્રલયે ન વ્યથન્તિ ચ ॥ ૨ ॥
મમ યોનિર્મહદ્બ્રહ્મ તસ્મિન્ ગર્ભં દધામ્યહમ્ ।
સમ્ભવઃ સર્વભૂતાનાં તતો ભવતિ ભારત ॥ ૩ ॥
સર્વયોનિષુ કૌન્તેય મૂર્તયઃ સમ્ભવન્તિ યાઃ ।
તાસાં બ્રહ્મ મહદ્ યોનિઃ અહં બીજપ્રદઃ પિતા ॥ ૪ ॥
સત્ત્વં રજસ્તમ ઈતિ ગુણાઃ પ્રકૃતિસમ્ભવાઃ ।
નિબધ્નન્તિ મહાબાહો દેહે દેહિનમવ્યયમ્ ॥ ૫ ॥
તત્ર સત્ત્વં નિર્મલત્વાત્ પ્રકાશકમનામયમ્ ।
સુખસઙ્ગેન બધ્નાતિ જ્ઞાનસઙ્ગેન ચાનઘ ॥ ૬ ॥
રજો રાગાત્મકં વિદ્ધિ તૃષ્ણાસઙ્ગસમુદ્ભવમ્ ।

તન્નિબધ્નાતિ કૌન્તેય કર્મસઙ્ગેન દેહિનમ્ ॥ ૭ ॥
તમસ્ત્વજ્ઞાનજં વિદ્ધિ મોહનં સર્વદેહિનામ્ ।
પ્રમાદાલસ્યનિદ્રાભિઃ તન્નિબધ્નાતિ ભારત ॥ ૮ ॥
સત્ત્વં સુખે સંજયતિ રજઃ કર્મણિ ભારત ।
જ્ઞાનમાવૃત્ય તુ તમઃ પ્રમાદે સંજયત્યુત ॥ ૯ ॥
રજસ્તમશ્ચાભિભૂય સત્ત્વં ભવતિ ભારત ।
રજઃ સત્ત્વં તમશ્ચૈવ તમઃ સત્ત્વં રજસ્તથા ॥ ૧૦ ॥
સર્વદ્વારેષુ દેહેઽસ્મિન્ પ્રકાશ ઉપજાયતે ।
જ્ઞાનં યદા તદા વિદ્યાદ્ વિવૃદ્ધં સત્ત્વમિત્યુત ॥ ૧૧ ॥
લોભઃ પ્રવૃત્તિરારમ્ભઃ કર્મણામશમઃ સ્પૃહા ।
રજસ્યેતાનિ જાયન્તે વિવૃદ્ધે ભરતર્ષભ ॥ ૧૨ ॥
અપ્રકાશોઽપ્રવૃત્તિશ્ચ પ્રમાદો મોહ એવ ચ ।
તમસ્યેતાનિ જાયન્તે વિવૃદ્ધે કુરુનન્દન ॥ ૧૩ ॥
યદા સત્ત્વે પ્રવૃદ્ધે તુ પ્રલયં યાતિ દેહભૃત્ ।
તદોત્તમવિદાં લોકાન્ અમલાન્ પ્રતિપદ્યતે ॥ ૧૪ ॥
રજસિ પ્રલયં ગત્વા કર્મસઙ્ગિષુ જાયતે ।
તથા પ્રલીનસ્તમસિ મૂઢયોનિષુ જાયતે ॥ ૧૫ ॥
કર્મણઃ સુકૃતસ્યાઽઽહુઃ સાત્ત્વિકં નિર્મલં ફલમ્ ।

રજસસ્તુ ફલં દુઃખં અજ્ઞાનં તમસઃ ફલમ્ ॥ ૧૬ ॥
સત્ત્વાત્ સંજાયતે જ્ઞાનં રજસો લોભ એવ ચ ।
પ્રમાદમોહૌ તમસો ભવતોઽજ્ઞાનમેવ ચ ॥ ૧૭ ॥
ઊર્ધ્વંગચ્છન્તિ સત્ત્વસ્થા મધ્યે તિષ્ઠન્તિ રાજસાઃ ।
જઘન્યગુણવૃત્તિસ્થા અધો ગચ્છન્તિ તામસાઃ ॥ ૧૮ ॥
નાન્યં ગુણેભ્યઃ કર્તારં યદા દ્રષ્ટાઽનુપશ્યતિ ।
ગુણેભ્યશ્ચ પરં વેત્તિ મદ્ભાવં સોઽધિગચ્છતિ ॥ ૧૯ ॥
ગુણાનેતાનતીત્ય ત્રીન્ દેહી દેહસમુદ્ભવાન્ ।
જન્મ-મૃત્યુ-જરા-દુઃખૈર્વિમુક્તોઽમૃતમશ્નુતે ॥ ૨૦ ॥

અર્જુન ઉવાચ (અર્જુન બોલ્યો)

કૈર્લિઙ્ગૈસ્ત્રીન્ ગુણાનેતાનતીતો ભવતિ પ્રભો ।
કિમાચારઃ કથં ચૈતાંસ્ત્રીન્ ગુણાનતિવર્તતે ॥ ૨૧ ॥

શ્રીભગવાન્ ઉવાચ (શ્રીભગવાન બોલ્યા)

પ્રકાશં ચ પ્રવૃત્તિં ચ મોહમેવ ચ પાણ્ડવ !।
ન દ્વેષ્ટિ સમ્પ્રવૃત્તાનિ ન નિવૃત્તાનિ કાઙ્ક્ષતિ ॥ ૨૨ ॥
ઉદાસીનવદાસીનો ગુણૈર્યો ન વિચાલ્યતે ।
ગુણા વર્તન્ત ઈત્યેવ યોઽવતિષ્ઠતિ નેઙ્ગતે ॥ ૨૩ ॥
સમદુઃખસુખઃ સ્વસ્થઃ સમલોષ્ટાશ્મકાઞ્ચનઃ ।

તુલ્યપ્રિયાપ્રિયો ધીરસ્તુલ્યનિન્દાત્મસંસ્તુતિઃ ॥ ૨૪ ॥
માનાપમાનયોસ્તુલ્યસ્તુલ્યો મિત્રારિપક્ષયોઃ ।
સર્વારમ્ભપરિત્યાગી ગુણાતીતઃ સ ઉચ્યતે ॥ ૨૫ ॥
માં ચ યોઽવ્યભિચારેણ ભક્તિયોગેન સેવતે ।
સ ગુણાન્સમતીત્યૈતાન્બ્રહ્મભૂયાય કલ્પતે ॥ ૨૬ ॥
બ્રહ્મણો હિ પ્રતિષ્ઠાહમમૃતસ્યાવ્યયસ્ય ચ ।
શાશ્વતસ્ય ચ ધર્મસ્ય સુખસ્યૈકાન્તિકસ્ય ચ ॥ ૨૭ ॥

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાસુ ઉપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે ગુણત્રયવિભાગયોગો નામ ચતુર્દશોઽધ્યાયઃ ॥ ૧૪ ॥

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

અથ ચતુર્દશોઽધ્યાયઃ

(ગીતાનો ચૌદમો અધ્યાય)

ગુણત્રયવિભાગ યોગ

શ્રીભગવાન્ ઉવાચ (ભગવાન બોલ્યા)

પરં ભૂયઃ પ્રવક્ષ્યામિ જ્ઞાનાનાં જ્ઞાનમુત્તમમ્ ।
યજ્જ્ઞાત્વા મુનયઃ સર્વે પરાં સિદ્ધિમિતો ગતાઃ ॥ ૧ ॥

અન્વય	અર્થ
જ્ઞાનાનામ્	(પૂર્વમાં કહેવાઈ ગયેલ)જ્ઞેયનાં સાધનોના મધ્યે
ઉત્તમમ્	મુખ્ય સાધન એવું
પરમ્	ભગવત્ સમ્બન્ધી ફલ સ્વરૂપવાળું
જ્ઞાનમ્	જ્ઞેય સાધન-જ્ઞાન
ભૂયઃ	(જ્ઞેય સાધન-જ્ઞાન પૂર્વમાં કહેવાઈ ગયું હોઈને પણ) ફરીથી
પ્રવક્ષ્યામિ	પ્રકૃષ્ટતાએ-પ્રકર્ષે (સાધનસહિત) કહીશ
યત્	જે (જ્ઞાનને)
જ્ઞાત્વા	જાણીને
સર્વે	બધા જ
મુનયઃ	તે જ્ઞાનને પામવાના અભ્યાસમાં પરાયણ થયેલા મનનશીલ એવા મુનિઓ

ઈતઃ	આ લૌકિક દેહથી
પરામ્	અનુભવ સ્વરૂપની પરા
સિદ્ધિમ્	સિદ્ધિને
ગતાઃ	પ્રાપ્ત કરનારા થયા છે ।। ૧ ।।

ભાવાર્થ – (પૂર્વમાં કહેવાઈ ગયેલ) જ્ઞેયનાં સાધનોના મધ્યે મુખ્ય સાધન એવું ભગવત્ સમ્બન્ધી ફલ સ્વરૂપવાળું જ્ઞેય સાધન-જ્ઞાન (જ્ઞેય સાધન-જ્ઞાન પૂર્વમાં કહેવાઈ ગયું હોઈને પણ) ફરીથી પ્રકૃષ્ટતાએ-પ્રકર્ષે (સાધનસહિત) કહીશ, જે (જ્ઞાનને) જાણીને બધા જ તે જ્ઞાનને પામવાના અભ્યાસમાં પરાયણ થયેલા મનનશીલ એવા મુનિઓ આ લૌકિક દેહથી અનુભવ સ્વરૂપની પરા સિદ્ધિને પ્રાપ્ત કરનારા થયા છે ।। ૧।।

ઈદં જ્ઞાનમુપાશ્રિત્ય મમ સાધર્મ્યમાગતાઃ ।
સર્ગેઽપિ નોપજાયન્તે પ્રલયે ન વ્યથન્તિ ચ ।। ૨ ।।

અન્વય	અર્થ
ઈદમ્	(અહીં કહેવાઈ રહેલ) આ
જ્ઞાનમ્	જ્ઞાનનો
ઉપાશ્રિત્ય	આશ્રય કરીને (જ્ઞાનરૂપ સાધનનું અનુષ્ઠાન કરીને)
મમ	મારા
સાધર્મ્યમ્	સમાન ધર્મોને (ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન, વૈરાગ્ય રૂપ છ ભગવદ્ધર્મોને)
આગતાઃ	પ્રાપ્ત કરેલાઓ

સર્ગે	આદિ સર્ગમાં (બ્રહ્માદિ સૃષ્ટિમાં)
અપિ	પણ
ઉપજાયન્તે	ઉત્પન્ન થતા
ન	નથી
ચ	અને
પ્રલયે	સૃષ્ટિ સંહારરૂપ પ્રલયમાં (પણ)
વ્યથન્તિ	અવ્યાકુલ બની રહી પુનરાવર્તિત થતા
ન	નથી ।। ૨ ।।

ભાવાર્થ – (અહીં કહેવાઈ રહેલ) આ જ્ઞાનનો આશ્રય કરીને (જ્ઞાનરૂપ સાધનનું અનુષ્ઠાન કરીને) મારા સમાન ધર્મોને (ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન, વૈરાગ્ય રૂપ છ ભગવદ્ધર્મોને) પ્રાપ્ત કરેલાઓ આદિ સર્ગમાં (બ્રહ્માદિ સૃષ્ટિમાં) પણ ઉત્પન્ન થતા નથી અને સૃષ્ટિ સંહારરૂપ પ્રલયમાં (પણ) અવ્યાકુલ બની રહી પુનરાવર્તિત થતા નથી ।। ૨ ।।

મમ યોનિર્મહદ્બ્રહ્મ તસ્મિન્ ગર્ભં દધામ્યહમ્ ।
સમ્ભવઃ સર્વભૂતાનાં તતો ભવતિ ભારત ।। ૩ ।।

અન્વય	અર્થ
ભારત	હે અર્જુન !
મહત્	દેશ-કાલથી અપરિચ્છિન્ન એવું મહદ્
બ્રહ્મ	વિશાલ અને વધનારું બ્રહ્મ-પ્રકૃતિ
મમ	મારી (પુરુષોત્તમની)

યોનિઃ	યોનિ-પ્રકૃતિ (એટલે કે સદંશરૂપ-ક્રીડાને અર્થે વિચિત્ર અનેક વસ્તુરૂપે પ્રકટ થવાના સ્વરૂપે ગર્ભાધાનનું સ્થાન) છે
તસ્મિન્	તેમાં (તે યોનિ-પ્રકૃતિમાં)
અહમ્	હું
ગર્ભમ્	ક્રીડાની ઈચ્છા સ્વરૂપનો ભાવ-ચેતનપૂંજીભૂત બીજનું
દધામ્યહમ્	સ્થાપન કરું છું
તતઃ	તેના પછીથી (ગર્ભાધાનના અનન્તર)
સર્વભૂતાનામ્	સર્વ પ્રાણીમાત્રની
સમ્ભવઃ	ઉત્પત્તિ
ભવતિ	થાય છે ॥ ૩ ॥

ભાવાર્થ – હે અર્જુન ! દેશ-કાલથી અપરિચ્છિન્ન એવું મહદ્ વિશાલ અને વધનારું બ્રહ્મ-પ્રકૃતિ મારી (પુરુષોત્તમની) યોનિ-પ્રકૃતિ (એટલે કે સદંશરૂપ-ક્રીડાને અર્થે વિચિત્ર અનેક વસ્તુરૂપે પ્રકટ થવાના સ્વરૂપે ગર્ભાધાનનું સ્થાન) છે, તેમાં (તે યોનિ-પ્રકૃતિમાં) હું ક્રીડાની ઈચ્છા સ્વરૂપનો ભાવ-ચેતનપૂંજીભૂત બીજનું સ્થાપન કરું છું, તેના પછીથી (ગર્ભાધાનના અનન્તર) સર્વ પ્રાણીમાત્રની ઉત્પત્તિ થાય છે ॥ ૩ ॥

સર્વયોનિષુ કૌન્તેય ! મૂર્તયઃ સમ્ભવન્તિ યાઃ ।
તાસાં બ્રહ્મ મહદ્યોનિઃ અહં બીજપ્રદઃ પિતા ॥ ૪ ॥

અન્વય	અર્થ
કૌન્તેય	હે કુન્તિપુત્ર અર્જુન !
સર્વયોનિષુ	(વિવિધ પ્રકારની) સર્વ યોનિઓમાં
યાઃ	જે પણ
મૂર્તયઃ	વિવિધ પ્રાણીઓનાં આકારસ્વરૂપ સચેતન શરીરો
સમ્ભવન્તિ	ઉત્પન્ન થાય છે
તાસામ્	તે સર્વ ઉત્પન્ન થયેલી મૂર્તિઓનાં-વિવિધ પ્રાણીઓનાં સચેતન શરીરોનું
મહદ્બ્રહ્મ	મહદ્ બ્રહ્મ-પ્રકૃતિ
યોનિઃ	માતૃસ્થાનીય-ગર્ભ ધારણ કરનાર-ઉત્પત્તિસ્થાન છે (અને)
અહમ્	હું
બીજપ્રદઃ	ઈચ્છા જ્ઞાનાત્મક બીજનું સ્થાપન કરનાર
પિતા	ઉત્પાદક પિતા (છું) ॥ ૪ ॥

ભાવાર્થ – હે કુન્તિપુત્ર અર્જુન ! વિવિધ પ્રકારની) સર્વ યોનિઓમાં જે પણ વિવિધ પ્રાણીઓનાં આકારસ્વરૂપ સચેતન શરીરો ઉત્પન્ન થાય છે તે સર્વ ઉત્પન્ન થયેલી મૂર્તિઓનાં-વિવિધ પ્રાણીઓનાં સચેતન શરીરોનું મહદ્ બ્રહ્મ-પ્રકૃતિ માતૃસ્થાનીય-ગર્ભ ધારણ કરનાર-ઉત્પત્તિસ્થાન છે (અને) હું ઈચ્છા જ્ઞાનાત્મક બીજનું સ્થાપન કરનાર ઉત્પાદક પિતા (છું) ॥ ૪ ॥

સત્ત્વં રજસ્તમ ઈતિ ગુણાઃ પ્રકૃતિસમ્ભવાઃ ।
નિબધ્નન્તિ મહાબાહો ! દેહે દેહિનમવ્યયમ્ ॥ ૫ ॥

અન્વય	અર્થ
મહાબાહો	હે લાંબા હાથવાળા અર્જુન !
સત્ત્વમ્	સત્ત્વ
રજઃ	રજ (અને)
તમઃ	તમ
ઈતિ	આ (ત્રણે)
ગુણાઃ	(બન્ધન ધર્મથી જોડાયેલા હોવાથી ગુણસંજ્ઞાવાળા) ગુણો
પ્રકૃતિ-સમ્ભવાઃ	પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા છે (અને આ જ ત્રણ ગુણો)
અવ્યયમ્	(વૃદ્ધિ-ક્ષય-વિપરિણામ-વિનાશ વગેરે ધર્મોથી રહિત) અવિનાશી એવા
દેહિનમ્	દેહમાં સ્થિતિ કરનાર ભગવાનના ચિદંશ જીવને
દેહે	(સૂક્ષ્મ-સ્થૂલ) દેહમાં
નિબધ્નન્તિ	બાંધે છે-બંધનમાં નાંખે છે (ગુણો જીવને પોતાના વશમાં કરે છે ॥ ૫ ॥

ભાવાર્થ – હે લાંબા હાથવાળા અર્જુન ! સત્ત્વ, રજ (અને) તમ આ (ત્રણે) (બન્ધન ધર્મથી જોડાયેલા હોવાથી ગુણસંજ્ઞાવાળા) ગુણો પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા છે (અને આ જ ત્રણ ગુણો) (વૃદ્ધિ-ક્ષય-વિપરિણામ-વિનાશ વગેરે ધર્મોથી રહિત) અવિનાશી એવા દેહમાં સ્થિતિ કરનાર ભગવાનના ચિદંશ જીવને (સૂક્ષ્મ-સ્થૂલ) દેહમાં બાંધે છે-બંધનમાં નાંખે છે (ગુણો જીવને પોતાના વશમાં કરે છે ॥ ૫ ॥

તત્ર સત્ત્વં નિર્મલત્વાત્ પ્રકાશકમનામયમ્ ।
સુખસઙ્ગેન બધ્નાતિ જ્ઞાનસઙ્ગેન ચાનઘ ॥ ૬ ॥

અન્વય	અર્થ
અનઘ	(મારી કૃપાથી વિશિષ્ટ થયેલો હોવાથી આ બન્ધનો જેનું કશું પણ બગાડી શકે તેમ નથી તેવા)હે નિષ્પાપ અર્જુન !
તત્ર	આ ત્રણે ગુણો પૈકી
સત્ત્વમ્	સત્ત્વગુણ
નિર્મલત્વાત્	રજોગુણ-તમોગુણ રૂપ મલથી રહિત નિર્મલ-શુદ્ધ હોવાથી
પ્રકાશકમ્	ભગવદ્ રમણાત્મક સર્વ સ્વરૂપોને પ્રકટ કરવા સમર્થ,
અનામયમ્	ભગવત્સેવામાં પ્રતિબન્ધ કરનારા રાગ વગેરે રોગરૂપ દોષોથી રહિત છે (તેથી તે)
સુખસઙ્ગેન	ભગવાનના સાધનરૂપ સેવનમાં દેહ-પ્રાણ-ઈન્દ્રિયો વગેરેથી સુખ ઉત્પન્ન કરનાર હોવાથી ઉત્તમ પ્રકારની સુખાસક્તિ વડે
ચ	અને (વળી)
જ્ઞાનસઙ્ગેન	(જ્ઞાનોત્પત્તિના સાધનપણાએ) જ્ઞાનાસક્તિ વડે
બધ્નાતિ	બાંધે છે ॥ ૬ ॥

ભાવાર્થ – (મારી કૃપાથી વિશિષ્ટ થયેલો હોવાથી આ બન્ધનો જેનું કશું પણ બગાડી શકે તેમ નથી તેવા) હે નિષ્પાપ અર્જુન ! આ ત્રણે ગુણો પૈકી સત્ત્વગુણ, રજોગુણ-તમોગુણ રૂપ મલથી રહિત નિર્મલ-શુદ્ધ

હોવાથી ભગવદ્ રમણાત્મક સર્વ સ્વરૂપોને પ્રકટ કરવા સમર્થ, ભગવત્સેવામાં પ્રતિબન્ધ કરનારા રાગ વગેરે રોગરૂપ દોષોથી રહિત છે (તેથી તે) ભગવાનના સાધનરૂપ સેવનમાં દેહ-પ્રાણ-ઈન્દ્રિયો વગેરેથી સુખ ઉત્પન્ન કરનાર હોવાથી ઉત્તમ પ્રકારની સુખાસક્તિ વડે અને (વળી) (જ્ઞાનોત્પત્તિના સાધનપણાએ) જ્ઞાનાસક્તિ વડે બાંધે છે ॥ ૬ ॥

રજો રાગાત્મકં વિદ્ધિ તૃષ્ણાસઙ્ગસમુદ્ભવમ્ ।
તન્નિબધ્નાતિ કૌન્તેય ! કર્મસઙ્ગેન દેહિનમ્ ॥ ૭ ॥

અન્વય	અર્થ
કૌન્તેય	હે કુન્તિપુત્ર અર્જુન !
રજઃ	રજઃ (રજોગુણ)
રાગાત્મકમ્	અનુરંજનાત્મક-વિવિધતાએ પદાર્થોને ઉત્પન્ન કરીને ભગવદ્રંજન સ્વરૂપનું (છે)
વિદ્ધિ	તેમ તું જાણ (અને તે)
તૃષ્ણા-સઙ્ગ-સમુદ્ભવમ્	તૃષ્ણા (ભગવાનના અર્થે ઉત્પન્ન વસ્તુ માત્ર છે તેમ નહીં જાણવાથી તે વસ્તુઓ માટેની પોતાના અર્થેની અભિલાષા) અને તેમાં પોતાના તરફની આસક્તિ એનાથી ઉત્પન્ન થનાર લૌકિક રાગ
તત્	તે (લૌકિક રાગ)
કર્મસઙ્ગેન	કર્માસક્તિ વડે (એટલે કે જે વસ્તુ પોતાના અર્થે પ્રાપ્ત કરવાની અભિલાષા છે તેને પ્રાપ્ત કરવા માટેની ક્રિયાસક્તિ વડે)
દેહિનમ્	દેહનિષ્ઠ બુદ્ધિવાળા જીવને (નહીં કે આ બધું જ ભગવદ્ અર્થ ઉત્પન્ન છે તેવી (બુદ્ધિવાળાને)
બધ્નાતિ	બાંધે છે (લૌકિક રાગ-લૌકિક આસક્તિને ઉત્પન્ન કરે છે) ॥ ૭ ॥

ભાવાર્થ – હે કુન્તિપુત્ર અર્જુન ! રજઃ (રજોગુણ) અનુરંજનાત્મક-વિવિધતાએ પદાર્થોને ઉત્પન્ન કરીને ભગવદ્રંજન સ્વરૂપનું (છે) તેમ તું જાણ (અને તે) તૃષ્ણા (ભગવાનના અર્થે ઉત્પન્ન વસ્તુ માત્ર છે તેમ નહીં જાણવાથી તે વસ્તુઓ માટેની પોતાના અર્થેની અભિલાષા) અને તેમાં પોતાના તરફની આસક્તિ એનાથી ઉત્પન્ન થનાર લૌકિક રાગ તે (લૌકિક રાગ) કર્માસક્તિ વડે (એટલે કે જે વસ્તુ પોતાના અર્થે પ્રાપ્ત કરવાની અભિલાષા છે તેને પ્રાપ્ત કરવા માટેની ક્રિયાસક્તિ વડે) દેહનિષ્ઠ બુદ્ધિવાળા જીવને (નહીં કે આ બધું જ ભગવદ્ અર્થ ઉત્પન્ન છે તેવી બુદ્ધિવાળાને) બાંધે છે (લૌકિક રાગ-લૌકિક આસક્તિને ઉત્પન્ન કરે છે) ॥ ૭ ॥

તમસ્ત્વજ્ઞાનજં વિદ્ધિ મોહનં સર્વદેહિનામ્ ।
પ્રમાદાલસ્યનિદ્રાભિઃ તન્નિબધ્નાતિ ભારત ॥ ૮ ॥

અન્વય	અર્થ
તુ	પરન્તુ
ભારત	હે ભારત ! હે અર્જુન !
તમઃ	ભગવદ્ વિસ્મરણ સ્વરૂપનો અન્તઃકરણનો અન્ધકાર
અજ્ઞાનજમ્	સર્વત્ર અને સર્વમાં ભગવાનની લીલાના અજ્ઞાન થકી ઉત્પન્ન થયેલો
વિદ્ધિ	તું જાણ (કે જે)
સર્વદેહિનામ્	બધા જ દેહ ધારણ કરેલાઓને

મોહનમ્	મોહમાં નાંખે છે - ભ્રમ ઉત્પન્ન કરે છે (અને તે)
પ્રમાદ	ભગવદ્ વિષયમાં અનવધાનતા રૂપ પ્રમાદ વડે,
આલસ્ય	ભગવત્સેવામાં ઉદ્યમ નહીં થવા સ્વરૂપના આલસ્ય વડે (અને)
નિદ્રાભિઃ	ચિત્તનો જ્ઞાનનાશ થવારૂપ નિદ્રા વડે
તત્	તે (અવિદ્યાજન્ય અંધકારરૂપ તમોગુણ) (દેહ ધારણ કરેલા જીવને)
નિબધ્નાતિ	બાંધે છે (બંધનમાં નાંખે છે ॥ ૮ ॥

ભાવાર્થ – પરન્તુ હે ભારત ! હે અર્જુન ! ભગવદ્ વિસ્મરણ સ્વરૂપનો અન્તઃકરણનો અન્ધકાર સર્વત્ર અને સર્વમાં ભગવાનની લીલાના અજ્ઞાન થકી ઉત્પન્ન થયેલો તું જાણ (કે જે) બધા જ દેહ ધારણ કરેલાઓને મોહમાં નાંખે છે - ભ્રમ ઉત્પન્ન કરે છે (અને તે) ભગવદ્ વિષયમાં અનવધાનતા રૂપ પ્રમાદ વડે, ભગવત્સેવામાં ઉદ્યમ નહીં થવા સ્વરૂપના આલસ્ય વડે (અને) ચિત્તનો જ્ઞાનનાશ થવારૂપ નિદ્રા વડે તે (અવિદ્યાજન્ય અંધકારરૂપ તમોગુણ) (દેહ ધારણ કરેલા જીવને) બાંધે છે (બંધનમાં નાંખે છે) ॥ ૮॥

સત્ત્વં સુખે સંજયતિ રજઃ કર્મણિ ભારત ।
જ્ઞાનમાવૃત્ય તુ તમઃ પ્રમાદે સંજયત્યુત ॥ ૯ ॥

અન્વય	અર્થ
ભારત	હે અર્જુન !
સત્ત્વમ્	સત્ત્વગુણ

સુખે	ભગવત્ જ્ઞાનાત્મક સુખમાં
સંજયતિ	સારી રીતે યોજે છે,
રજઃ	રજોગુણ
કર્મણિ	(પૂર્વમાં કહેવાઇ ગયા પ્રકારે) કર્મમાં (સારી રીતે યોજે છે)
તુ	અને
જ્ઞાનમ્	(ભગવદીયોનો સંગ વગેરેથી ઉત્પન્ન થયેલ) જ્ઞાનને
આવૃત્ય	(નિદ્રા-આલસ્ય વગેરેથી) આવૃત્ત કરીને
તમઃ	અન્તઃકરણના અન્ધકારરૂપ તમોગુણ
પ્રમાદે	અનવધાનતારૂપ પ્રમાદમાં
ઉત	પણ
સંજયતિ	સારી રીતે યોજે છે ॥ ૯ ॥

ભાવાર્થ – હે અર્જુન ! સત્ત્વગુણ ભગવત્ જ્ઞાનાત્મક સુખમાં સારી રીતે યોજે છે, રજોગુણ (પૂર્વમાં કહેવાઇ ગયા પ્રકારે) કર્મમાં (સારી રીતે યોજે છે) અને (ભગવદીયોનો સંગ વગેરેથી ઉત્પન્ન થયેલ) જ્ઞાનને (નિદ્રા-આલસ્ય વગેરેથી) આવૃત્ત કરીને અન્તઃકરણના અન્ધકારરૂપ તમોગુણ અનવધાનતારૂપ પ્રમાદમાં પણ સારી રીતે યોજે છે ॥ ૯ ॥

રજસ્તમશ્ચાભિભૂય સત્ત્વં ભવતિ ભારત ।
રજઃ સત્ત્વં તમશ્ચૈવ તમઃ સત્ત્વં રજસ્તથા ॥ ૧૦ ॥

અન્વય	અર્થ
ચ	અને

ભારત	હે અર્જુન !
રજઃ	(દુઃખાત્મક) રજોગુણને (અને)
તમઃ	(અજ્ઞાનાત્મક)તમોગુણને (એમ બન્ને ગુણોને)
અભિભૂય	તિરસ્કૃત કરીને-દબાવીને
સત્ત્વં	સત્ત્વગુણ
ભવતિ	થાય છે (વૃદ્ધિને પામે છે)
ચ	અને
રજઃ	રજોગુણને (અને)
સત્ત્વમ્	સત્ત્વગુણને (એમ બન્ને ગુણોને) (તિરસ્કૃત કરીને)
તમઃ	તમોગુણ (વૃદ્ધિને પામે છે),
તથા	તેવી
એવ	જ રીતે
તમઃ	તમોગુણને (અને)
સત્ત્વમ્	સત્ત્વગુણને (એમ બન્ને ગુણોને) (તિરસ્કૃત કરીને)
રજઃ	રજોગુણ (વૃદ્ધિને પામે છે) ॥ ૧૦ ॥

ભાવાર્થ – અને હે અર્જુન ! (દુઃખાત્મક) રજોગુણને (અને) (અજ્ઞાનાત્મક)તમોગુણને (એમ બન્ને ગુણોને) તિરસ્કૃત કરીને-દબાવીને સત્ત્વગુણ થાય છે (વૃદ્ધિને પામે છે) અને રજોગુણને (અને) સત્ત્વગુણને (એમ બન્ને ગુણોને) (તિરસ્કૃત કરીને) તમોગુણ (વૃદ્ધિને પામે છે), તેવી જ રીતે તમોગુણને (અને) સત્ત્વગુણને (એમ બન્ને ગુણોને) (તિરસ્કૃત કરીને) રજોગુણ (વૃદ્ધિને પામે છે) ॥ ૧૦ ॥

સર્વદ્વારેષુ દેહેડસ્મિન્ પ્રકાશ ઉપજાયતે ।
જ્ઞાનં યદા તદા વિદ્યાદ્ વિવૃદ્ધં સત્વમિત્યુત ॥ ૧૧ ॥

અન્વય	અર્થ
યદા	જ્યારે-જે સમયે
અસ્મિન્	આ
દેહે	(સાધન સ્વરૂપના) દેહમાં-શરીરમાં
સર્વદ્વારેષુ	(શ્રોત્ર-ત્વગ્-ચક્ષુ વગેરે) સર્વ દ્વારોમાં
પ્રકાશઃ	(ભગવત્ સમ્બન્ધીપણાએ) પ્રકાશ
ઉત	(દર્શન) અથવા
જ્ઞાનમ્	જ્ઞાન
ઉપજાયતે	ઉત્પન્ન થાય છે
તદા	ત્યારે - તે સમયે
ઈતિ	એમ
વિદ્યાત્	જાણવું કે
સત્ત્વમ્	સત્ત્વગુણ
વિવૃદ્ધમ્	વિશેષ પ્રકારે (ભગવત્ સમ્બન્ધીપણાએ) વૃદ્ધિને પામ્યો છે ॥ ૧૧ ॥

ભાવાર્થ – જ્યારે-જે સમયે આ (સાધન સ્વરૂપના) દેહમાં-શરીરમાં

(શ્રોત્ર-ત્વગ્-ચક્ષુ વગેરે) સર્વ દ્વારોમાં (ભગવત્ સમ્બન્ધીપણાએ) પ્રકાશ (દર્શન) અથવા જ્ઞાન ઉત્પન્ન થાય છે ત્યારે - તે સમયે એમ જાણવું કે સત્ત્વગુણ વિશેષ પ્રકારે (ભગવત્ સમ્બન્ધીપણાએ) વૃદ્ધિને પામ્યો છે ॥ ૧૧ ॥

લોભઃ પ્રવૃત્તિરારમ્ભઃ કર્મણામશમઃ સ્પૃહા ।
રજસ્યેતાનિ જાયન્તે વિવૃદ્ધે ભરતર્ષભ ॥ ૧૨ ॥

અન્વય	અર્થ
ભરતર્ષભ	હે ભરતવંશીઓમાં શ્રેષ્ઠ અર્જુન !
લોભઃ	ભગવત્સેવાને અર્થે ભગવાને સ્વેચ્છાએ આપેલ તથા જરૂરી વ્યવહાર ચલાવવા માટે યોગ્ય દ્રવ્ય હોઈને પણ લૌકિક આસક્તિ વડે ફરીથી દ્રવ્ય મેળવવાની ઈચ્છા એ લોભ,
પ્રવૃત્તિઃ	તેવી ઈચ્છાથી આમ-તેમ મન દોડાવીને તે મેળવવા માટેનો પ્રયત્ન, એ પ્રવૃત્તિ,
આરંભઃ-કર્મણામ્	પોતાને અભિલષિત ફલ આપે તેવાં સાધનરૂપ કર્મોનો ઉદ્યોગ
અશમઃ	અશાન્તિ (ઈન્દ્રિયોની વિષયભોગ પ્રતિરુચિથી મનની ચંચલતા) (અથવા ચિત્તનો ઉદ્વેગ),
સ્પૃહા	પોતાને માટે અયોગ્ય હોય તેવી વસ્તુ માટે પણ ઈચ્છા થવી,
રજસિ	રજોગુણ
વિવૃદ્ધે	પ્રવૃદ્ધ થતાં
એતાનિ	આ બધું
જાયન્તે	ઉત્પન્ન થાય છે ॥ ૧૨ ॥

ભાવાર્થ – હે ભરતવંશીઓમાં શ્રેષ્ઠ અર્જુન ! ભગવત્સેવાને અર્થે ભગવાને સ્વેચ્છાએ આપેલ તથા જરૂરી વ્યવહાર ચલાવવા માટે યોગ્ય દ્રવ્ય હોઈને પણ લૌકિક આસક્તિ વડે ફરીથી દ્રવ્ય મેળવવાની ઈચ્છા એ લોભ, તેવી ઈચ્છાથી આમ-તેમ મન દોડાવીને તે મેળવવા માટેનો પ્રયત્ન, એ પ્રવૃત્તિ, પોતાને અભિલષિત ફલ આપે તેવાં સાધનરૂપ કર્મોનો ઉદ્યોગ અશાન્તિ (ઈન્દ્રિયોની વિષયભોગ પ્રતિરુચિથી મનની ચંચલતા) (અથવા ચિત્તનો ઉદ્વેગ), પોતાને માટે અયોગ્ય હોય તેવી વસ્તુ માટે પણ ઈચ્છા થવી, રજોગુણ પ્રવૃદ્ધ થતાં આ બધું ઉત્પન્ન થાય છે ॥ ૧૨ ॥

અપ્રકાશોઽપ્રવૃત્તિશ્ચ પ્રમાદો મોહ એવ ચ ।
તમસ્યેતાનિ જાયન્તે વિવૃદ્ધે કુરુનન્દન ॥ ૧૩ ॥

અન્વય	અર્થ
કુરુનન્દન	હે કુરુવંશી અર્જુન !
અપ્રકાશઃ	ચિત્તનો અપ્રસાદ (અપ્રસન્નતા) એ અપ્રકાશ,
અપ્રવૃત્તિઃ	ભગવત્ સેવન-ભગવદીયોના સંગ માટેનો અનુદ્યમ (અપ્રયત્નશીલતા) એ અપ્રવૃત્તિ
ચ	અને
પ્રમાદઃ	ભગવદ્ ભજનનું અનુસંધાન ન થવું એ પ્રમાદ
ચ	અને
મોહઃ	સંસારમાં અને સાંસારિકોમાં આસક્તિ થવી એ મોહ
તમસિ	તમોગુણ

વિવૃદ્ધે	પ્રવૃદ્ધ થતાં
એતાનિ	આ બધું
એવ	જ
જાયન્તે	ઉત્પન્ન થાય છે ॥ ૧૩ ॥

ભાવાર્થ – હે કુરુવંશી અર્જુન ! ચિત્તનો અપ્રસાદ (અપ્રસન્નતા) એ અપ્રકાશ, ભગવત્ સેવન-ભગવદીયોના સંગ માટેનો અનુદ્યમ (અપ્રયત્નશીલતા) એ અપ્રવૃત્તિ અને ભગવદ્ ભજનનું અનુસંધાન ન થવું એ પ્રમાદ અને સંસારમાં અને સાંસારિકોમાં આસક્તિ થવી એ મોહ તમોગુણ પ્રવૃદ્ધ થતાં આ બધું જ ઉત્પન્ન થાય છે ॥ ૧૩ ॥

યદા સત્ત્વે પ્રવૃદ્ધે તુ પ્રલયં યાતિ દેહભૃત્ ।
તદોત્તમવિદાં લોકાનમલાન્પ્રતિપદ્યતે ॥ ૧૪ ॥
રજસિ પ્રલયં ગત્વા કર્મસઙ્ગિષુ જાયતે ।
તથા પ્રલીનસ્તમસિ મૂઢયોનિષુ જાયતે ॥ ૧૫ ॥

અન્વય	અર્થ
યદા	જ્યારે
દેહભૃત	દેહધારણ કરેલો જીવ
સત્ત્વે	સત્ત્વગુણ
પ્રવૃદ્ધે	પ્રવૃદ્ધ થતાં (સત્ત્વગુણની પ્રવૃદ્ધિમાં)
તુ	તો (રજોગુણ-તમોગુણરહિત સત્ત્વ પ્રવૃદ્ધ થતાં તો)
પ્રલયમ્	મૃત્યુને

યાતિ	પ્રાપ્ત થાય છે (દેહ ત્યાગે છે)
તદા	ત્યારે (તે)
ઉત્તમવિદામ્	ઉત્તમ-જ્ઞાનિઓ વડે જાણવા યોગ્ય તેવા
અમલાન્	પ્રકૃતિના ગુણરૂપ મલોથી રહિત એવા (અથવા રજોગુણ તમોગુણ રહિત શુદ્ધ સાત્ત્વિક એવા)
લોકાન્	રમા વૈકુંઠલોક-સત્યલોક વગેરે લોકોને
પ્રતિપદ્યતે	પ્રાપ્ત કરે છે ॥ ૧૪ ॥
રજસિ	રજોગુણની પ્રવૃદ્ધિમાં
પ્રલયમ્	મૃત્યુને
ગત્વા	પ્રાપ્ત કરીને (રજોગુણની પ્રવૃદ્ધિમાં દેહ ત્યાગીને)
કર્મસઙ્ગિષુ	કર્માસક્ત લોકોમાં (તેવા લોકોને ત્યાં ફરીથી તે મુજબ આચરણ કરીને તે ફલના ભોગ અર્થે)
જાયતે	ઉત્પન્ન થાય છે,
તથા	તેવી જ રીતે
તમસિ	તમોગુણ (પ્રવૃદ્ધ થતાં)
પ્રલીનઃ	મૃત્યુને પ્રાપ્ત થયેલો
મૂઢયોનિષુ	મૂઢ એવી આસુરી યોનિઓમાં
જાયતે	ઉત્પન્ન થાય છે ॥ ૧૫ ॥

ભાવાર્થ – જ્યારે દેહધારણ કરેલો જીવ સત્ત્વગુણ પ્રવૃદ્ધ થતાં

(સત્ત્વગુણની પ્રવૃદ્ધિમાં) તો (રજોગુણ-તમોગુણરહિત સત્ત્વ પ્રવૃદ્ધ થતાં તો) મૃત્યુને પ્રાપ્ત થાય છે (દેહ ત્યાગે છે) ત્યારે (તે) ઉત્તમ-જ્ઞાનિઓ વડે જાણવા યોગ્ય તેવા પ્રકૃતિના ગુણરૂપ મલોથી રહિત એવા (અથવા રજોગુણ તમોગુણ રહિત શુદ્ધ સાત્ત્વિક એવા) રમા વૈકુંઠલોક-સત્યલોક વગેરે લોકોને પ્રાપ્ત કરે છે ॥ ૧૪ ॥ રજોગુણની પ્રવૃદ્ધિમાં મૃત્યુને પ્રાપ્ત કરીને (રજોગુણની પ્રવૃદ્ધિમાં દેહ ત્યાગીને) કર્માસક્ત લોકોમાં (તેવા લોકોને ત્યાં ફરીથી તે મુજબ આચરણ કરીને તે ફલના ભોગ અર્થે) ઉત્પન્ન થાય છે, તેવી જ રીતે તમોગુણ (પ્રવૃદ્ધ થતાં) મૃત્યુને પ્રાપ્ત થયેલો મૂઢ એવી આસુરી યોનિઓમાં ઉત્પન્ન થાય છે ॥ ૧૫ ॥

કર્મણઃ સુકૃતસ્યાઽઽહુઃ સાત્ત્વિકં નિર્મલં ફલમ્ ।
રજસસ્તુ ફલં દુઃખં અજ્ઞાનં તમસઃ ફલમ્ ॥ ૧૬ ॥

અન્વય	અર્થ
સુકૃતસ્ય	ભગવદાજ્ઞા પાલનરૂપમાં ભગવાનના સંતોષના હેતુથી સારી રીતે કરવામાં આવેલ સાત્ત્વિક
કર્મણઃ	કર્મનું
તુ	તો
સાત્ત્વિકમ્	વિષ્ણુપ્રસાદ (પ્રસન્નતા) રૂપ
નિર્મલમ્	દોષરહિત-નિર્દોષ
ફલમ્	ફલ
આહુઃ	(વ્યાસ-કપિલ વગેરેએ) કહ્યું છે (અને)
રજસઃ	રાજસ કર્મોનું
ફલમ્	ફલ
દુઃખમ્	સંસાર સ્વરૂપનું દુઃખરૂપ (ફલ કહ્યું છે અને)
તમસઃ	તામસ કર્મોનું
ફલમ્	ફલ
અજ્ઞાનમ્	(ભગવદ્ વિમુખતા રૂપ) અજ્ઞાન (કહ્યું છે) ॥ ૧૬ ॥

ભાવાર્થ – ભગવદાજ્ઞા પાલનરૂપમાં ભગવાનના સંતોષના હેતુથી સારી રીતે કરવામાં આવેલ સાત્ત્વિક કર્મનું તો વિષ્ણુપ્રસાદ (પ્રસન્નતા) રૂપ દોષરહિત-નિર્દોષ ફલ (વ્યાસ-કપિલ વગેરેએ) કહ્યું છે (અને) રાજસ કર્મોનું ફલ સંસાર સ્વરૂપનું દુઃખરૂપ (ફલ કહ્યું છે અને) તામસ કર્મોનું ફલ (ભગવદ્ વિમુખતા રૂપ) અજ્ઞાન (કહ્યું છે) ॥ ૧૬ ॥

સત્ત્વાત્ સંજાયતે જ્ઞાનં રજસો લોભ એવ ચ ।
પ્રમાદમોહૌ તમસો ભવતોઽજ્ઞાનમેવ ચ ॥ ૧૭ ॥

અન્વય	અર્થ
સત્ત્વાત્	સત્ત્વગુણથી (સાત્ત્વિક-સ્વભાવથી વિશિષ્ટ થયેલામાં)
જ્ઞાનમ્	(વસ્તુ યથાત્મ્ય-અપરોક્ષરૂપ) જ્ઞાન (જ)
સંજાયતે	પ્રકટ થાય છે
ચ	અને
રજસઃ	રજોગુણથી
લોભઃ	(પાપમૂલક-સ્વર્ગાદિ ફલમાં) લોભ
એવ	જ (ઉત્પન્ન થાય છે)

ચ	અને
તમસઃ	તમોગુણથી
પ્રમાદ-મોહૌ	પ્રમાદ-મોહ (અને)
અજ્ઞાનમ્	અજ્ઞાન
એવ	જ
ભવતઃ	ઉત્પન્ન થાય છે ॥ ૧૭ ॥

ભાવાર્થ – સત્ત્વગુણથી (સાત્ત્વિક-સ્વભાવથી વિશિષ્ટ થયેલામાં) (વસ્તુ યથાત્મ્ય-અપરોક્ષરૂપ) જ્ઞાન (જ) પ્રકટ થાય છે અને રજોગુણથી (પાપમૂલક-સ્વર્ગાદિ ફલમાં) લોભ જ (ઉત્પન્ન થાય છે) અને તમોગુણથી પ્રમાદ-મોહ (અને) અજ્ઞાન જ ઉત્પન્ન થાય છે ॥ ૧૭ ॥

ઊર્ધ્વં ગચ્છન્તિ સત્ત્વસ્થા મધ્યે તિષ્ઠન્તિ રાજસાઃ ।
જઘન્યગુણવૃત્તિસ્થા અધો ગચ્છન્તિ તામસાઃ ॥ ૧૮ ॥

અન્વય	અર્થ
સત્ત્વસ્થાઃ	સાત્ત્વિક કર્મમાં નિરત રહેનારાઓ
ઊર્ધ્વમ્	ઉપરના તરફ રહેલા સત્યલોક વગેરેમાં
ગચ્છન્તિ	જાય છે (અને)
રાજસાઃ	રાજસ કર્મમાં નિરત રહેનારાઓ
મધ્યે	મધ્યમાં (એટલે કે દુઃખોથી આવૃત્ત એવા મનુષ્યલોકમાં રાજ્યાદિ સુખફલમાં)
તિષ્ઠન્તિ	રહે છે - સ્થિતિ કરે છે (અને)

જઘન્યગુણવૃત્તિસ્થાઃ	જઘન્ય-તામસગુણની (પ્રમાદ-મોહ-આલસ્ય વગેરે) વૃત્તિમાં સ્થિતિ કરેલાઓ
તામસાઃ	તે-તે વૃત્તિઓને અનુકૂલ કર્મમાં પ્રવર્તનારા તામસ કર્મ નિરત લોકો
અધઃ	નીચેની તરફ (રૌરવ-કુમ્ભીપાક વગેરે નારકી લોકોમાં અથવા શ્વ-સૂકર વગેરે નીચ યોનિમાં)
ગચ્છન્તિ	જાય છે (પ્રાપ્ત થાય છે) ॥ ૧૮ ॥

ભાવાર્થ – સાત્ત્વિક કર્મમાં નિરત રહેનારાઓ ઉપરના તરફ રહેલા સત્યલોક વગેરેમાં જાય છે (અને) રાજસ કર્મમાં નિરત રહેનારાઓ મધ્યમાં (એટલે કે દુઃખોથી આવૃત્ત એવા મનુષ્યલોકમાં રાજ્યાદિ સુખફલમાં) રહે છે - સ્થિતિ કરે છે (અને) જઘન્ય-તામસગુણની (પ્રમાદ-મોહ-આલસ્ય વગેરે) વૃત્તિમાં સ્થિતિ કરેલાઓ તે-તે વૃત્તિઓને અનુકૂલ કર્મમાં પ્રવર્તનારા તામસ કર્મ નિરત લોકો નીચેની તરફ (રૌરવ-કુમ્ભીપાક વગેરે નારકી લોકોમાં અથવા શ્વ-સૂકર વગેરે નીચ યોનિમાં) જાય છે (પ્રાપ્ત થાય છે) ॥ ૧૮ ॥

નાન્યં ગુણેભ્યઃ કર્તારં યદા દ્રષ્ટાનુપશ્યતિ ।
ગુણેભ્યશ્ચ પરં વેત્તિ મદ્ભાવં સોઽધિગચ્છતિ ॥ ૧૯ ॥
ગુણાનેતાનતીત્ય ત્રીન્દેહી દેહસમુદ્ભવાન્ ।
જન્મ-મૃત્યુ-જરા-દુઃખૈર્વિમુક્તોઽમૃતમશ્નુતે ॥ ૨૦ ॥

અન્વય	અર્થ
યદાઃ	જ્યારે (મારી કૃપાથી વિશિષ્ટ થયેલા કાલમાં)
દૃષ્ટા	વિવેકવાન્-સાક્ષીભાવવાળો દૃષ્ટા-પુરુષ

ગુણેભ્યઃ	ભગવાનની ક્રીડાને અર્થે પ્રકટ રૂપે આ ગુણો જ
કર્તારમ્	સર્વ કાર્યોના મૂલભૂત છે એને કર્તારૂપે (ગુણોને જ)
અનુપશ્યતિ	જુએ છે - જાણે છે,
ન અન્યમ્	બીજા (કોઈને) જોતો-જાણતો નથી
ચ	અને (વળી)
ગુણેભ્યશ્ચ	આ વિચિત્રરૂપવાળા ગુણોથી
પરમ્	પરને - પુરુષોત્તમને
વેત્તિ	જે જાણે - જુએ છે (ત્યારે તે સમયે)
સઃ	તેમ તે જાણનાર
મદ્‌ભાવમ્	મારી ભક્તિને
અધિગચ્છતિ	પ્રાપ્ત કરે છે ।। ૧૯ ।।
દેહી	જીવ
દેહસમુદ્‌ભવાન્	જેનાથી દેહો-શરીરોની ઉત્પત્તિ છે તેવા (અલૌકિક નહીં પણ) લૌકિક
એતાન્	આ
ત્રીન્	ત્રણની સંખ્યામાં રહેલા
ગુણાન્	ગુણોનું
અતિક્રમ્ય	અતિક્રમણ કરીને
જન્મ	ગુણોથી થનારાં કર્મોના ભોગ અર્થે થનારા જન્મથી,

મૃત્યુ	તે ભોગના સમાપ્તિરૂપ મૃત્યુથી, અથવા ભગવદ્ વિસ્મરણરૂપ મૃત્યુથી
જરા	સેવામાં પ્રતિબન્ધ સ્વરૂપની જર્જરિત-વૃદ્ધ અવસ્થાથી (અને)
દુઃખૈઃ	અહંતા-મમતાત્મક સંસારરૂપ દુઃખોથી
વિમુક્તઃ	વિશેષ પ્રકારે મુક્ત થયેલો
અમૃતમ્ અશ્નુતે	મરણ વગેરે દોષોથી રહિત લૌકક દેહનો ભોગ કરે છે - પ્રાપ્ત કરે છે અથવા ‘અમૃતમ્’ એટલે અલૌકિક દેહને પ્રાપ્ત કરીને મારી સાથે સર્વ કામોનો ભોગ કરે છે (‘સોઽશ્નુતે સર્વાન્ કામાન્ સહ બ્રહ્મણા’ એ શ્રુતિ અનુસાર) ।। ૨૦ ।।

ભાવાર્થ – જ્યારે (મારી કૃપાથી વિશિષ્ટ થયેલા કાલમાં) વિવેકવાન્-સાક્ષીભાવવાળો દ્દષ્ટા-પુરુષ ભગવાનની ક્રીડાને અર્થે પ્રકટ રૂપે આ ગુણો જ સર્વ કાર્યોના મૂલભૂત છે એને કર્તારૂપે (ગુણોને જ) જુએ છે - જાણે છે, બીજા (કોઈને) જોતો-જાણતો નથી અને (વળી) આ વિચિત્રરૂપવાળા ગુણોથી પરને - પુરુષોત્તમને જે જાણે - જુએ છે (ત્યારે તે સમયે) તેમ તે જાણનાર મારી ભક્તિને પ્રાપ્ત કરે છે ।। ૧૯ ।। જીવ જેનાથી દેહો શરીરોની ઉત્પત્તિ છે તેવા (અલૌકિક નહીં પણ) લૌકિક આ ત્રણની સંખ્યામાં રહેલા ગુણોનું અતિક્રમણ કરીને ગુણોથી થનારાં કર્મોના ભોગ અર્થે થનારા જન્મથી, તે ભોગના સમાપ્તિરૂપ મૃત્યુથી, અથવા ભગવદ્ વિસ્મરણરૂપ મૃત્યુથી સેવામાં પ્રતિબન્ધ સ્વરૂપની જર્જરિત-વૃદ્ધ અવસ્થાથી (અને) અહંતા-મમતાત્મક સંસારરૂપ દુઃખોથી વિશેષ પ્રકારે મુક્ત થયેલો મરણ વગેરે દોષોથી રહિત લૌકક દેહનો ભોગ કરે છે - પ્રાપ્ત કરે છે અથવા ‘અમૃતમ્’ એટલે અલૌકિક દેહને પ્રાપ્ત કરીને મારી સાથે સર્વ કામોનો ભોગ કરે છે (‘સોઽશ્નુતે સર્વાન્ કામાન્ સહ બ્રહ્મણા’ એ શ્રુતિ

અનુસાર) ॥ ૨૦॥

અર્જુન ઉવાચ (અર્જુન બોલ્યો)

કૈર્લિઙ્ગૈસ્ત્રીન્ ગુણાનેતાનતીતો ભવતિ પ્રભો ।
કિમાચારઃ કથં ચૈતાંસ્ત્રીન્ ગુણાનતિવર્તતે ॥ ૨૧ ॥

અન્વય	**અર્થ**
પ્રભો	હે સર્વ કંઈ કરવા સમર્થ પ્રભો !
કૈઃ	કયાં
લિઙ્ગૈઃ	લક્ષણો વડે
એતાન્	આ (બન્ધન સ્વરૂપના)
ત્રીન	ત્રણની સંખ્યામાં રહેલા
ગુણાન્	ગુણોથી (જીવ)
અતીતઃ	અતીત
ભવતિ	થાય છે (ત્રણે ગુણોનું અતિક્રમણ કરીને અલૌકિક દેહવાળો થાય છે ?),
કિમ્	(અલૌકિક દેહ પ્રાપ્ત કર્યા પછી) તે કેવા પ્રકારના
આચારઃ	આચારવાળો-આચરણવાળો (થાય છે) ?
ચ	અને (વળી)
એતાન્	આ
ત્રીન્	ત્રણની સંખ્યામાં રહેલા

ગુણાન્	ગુણોને (કેવા ઉપાય વડે)
અતિવર્તતે	અતિક્રમીને વર્તી શકે છે ? (તે આપ મને કહો) ॥ ૨ ૧ ॥

ભાવાર્થ – હે સર્વ કંઈ કરવા સમર્થ પ્રભો ! કયાં લક્ષણો વડે આ (બન્ધન સ્વરૂપના) ત્રણની સંખ્યામાં રહેલા ગુણોથી (જીવ) અતીત થાય છે (ત્રણે ગુણોનું અતિક્રમણ કરીને અલૌકિક દેહવાળો થાય છે ?), (અલૌકિક દેહ પ્રાપ્ત કર્યા પછી) તે કેવા પ્રકારના આચારવાળો-આચરણવાળો (થાય છે) ? અને (વળી) આ ત્રણની સંખ્યામાં રહેલા ગુણોને (કેવા ઉપાય વડે) અતિક્રમીને વર્તી શકે છે ? (તે આપ મને કહો) ॥ ૨ ૧ ॥

શ્રીભગવાન્ ઉવાચ (શ્રીભગવાન બોલ્યા)

પ્રકાશં ચ પ્રવૃત્તિં ચ મોહમેવ ચ પાણ્ડવ ! ।
ન દ્વેષ્ટિ સમ્પ્રવૃત્તાનિ ન નિવૃત્તાનિ કાઙ્ક્ષતિ ॥ ૨૨ ॥

અન્વય	**અર્થ**
પાણ્ડવ !	હે પાણ્ડુના પુત્ર અર્જુન !
પ્રકાશમ્	સર્વ દ્વારોમાં અલૌકિક અનુભવની સિદ્ધિ અર્થે મારા સમ્બન્ધી અલૌકિક અને મારા સ્વરૂપાત્મક સત્ત્વ દ્વારા ઉપસ્થાપિત અલૌકિક અનુકરણ સ્વરૂપનું લૌકિકરૂપ = પ્રકાશને (સાત્ત્વિક કાર્યો)
ચ	અને
પ્રવૃત્તિં	તે મુજબની પ્રવૃત્તિને (રાજસ કાર્યો)
ચ	અને
મોહમ્	મહાન અનુભવની સિદ્ધિ અર્થે વિપ્રયોગલયાત્મકરૂપ

	મોહને, અથવા કેવલ મોહને (તામસ કાર્યો)
એવ	પણ
સમ્પ્રવૃત્તાનિ	મારી ઈચ્છા વડે પ્રવૃત્ત રૂપમાં પ્રાપ્ત થતાં તે
ન દ્વેષ્ટિ	(ત્રાણેથી) દ્વેષ નથી કરતો
ચ	અને
નિવૃત્તાનિ	મારી ઈચ્છાના અભાવમાં નિવૃત્ત કાર્યોની
ન કાઙ્ક્ષતિ	આકાંક્ષા કરતો નથી (તે ગુણાતીત છે) ॥ ૨૨ ॥

ભાવાર્થ – હે પાણ્ડુના પુત્ર અર્જુન ! સર્વ દ્વારોમાં અલૌકિક અનુભવની સિદ્ધિ અર્થે મારા સમ્બન્ધી અલૌકિક અને મારા સ્વરૂપાત્મક સત્ત્વ દ્વારા ઉપસ્થાપિત અલૌકિક અનુકરણ સ્વરૂપનું લૌકિકરૂપ = પ્રકાશને (સાત્ત્વિક કાર્યો) અને તે મુજબની પ્રવૃત્તિને (રાજસ કાર્યો) અને મહાન અનુભવની સિદ્ધિ અર્થે વિપ્રયોગલયાત્મકરૂપ મોહને, અથવા કેવલ મોહને (તામસ કાર્યો) પણ મારી ઈચ્છા વડે પ્રવૃત્ત રૂપમાં પ્રાપ્ત થતાં તે (ત્રાણેથી) દ્વેષ નથી કરતો અને મારી ઈચ્છાના અભાવમાં નિવૃત્ત કાર્યોની આકાંક્ષા કરતો નથી (તે ગુણાતીત છે) ॥ ૨૨ ॥

ઉદાસીનવદાસીનો ગુણૈર્યો ન વિચાલ્યતે ।
ગુણા વર્તન્ત ઈત્યેવ યોડવતિષ્ઠતિ નેઙ્ગતે ॥ ૨૩ ॥

અન્વય	અર્થ
યઃ	જે
ઉદાસીનવત્	સુખ-દુઃખની પ્રાપ્તિના પ્રસંગોમાં તેને મારી કૃતિ માની સાક્ષીરૂપ જોતાં

આસીનઃ	સ્થિત થયેલો
ગુણૈઃ	દ્વેષ-આકાંક્ષા વગેરે દ્વારા લૌકિક ગુણો વડે (આત્મરૂપતાથી)
ન	(જે) નથી
વિચાલ્યતે	વિચલિત કરી શકાતો (અને)
ગુણાઃ	ભગવદાત્મક ગુણો
એવ	જ (ગુણોમાં-પોતપોતાનાં કાર્યોમાં ભગવદિચ્છાથી તેઓ પોતે જ)
વર્તન્તે	પ્રવર્તી રહ્યા છે
ઈતિ	એમ (સમજ ધરાવતાં)
યઃ	જે
અવતિષ્ઠતિ	સ્થિત રહે છે (તે)
ન	(પોતાના આત્મરૂપથી) નથી
ઈઙ્ગતે	ચલાયમાન થતો ॥ ૨૩ ॥

ભાવાર્થ – જે સુખ-દુઃખની પ્રાપ્તિના પ્રસંગોમાં તેને મારી કૃતિ માની સાક્ષીરૂપ જોતાં સ્થિત થયેલો દ્વેષ-આકાંક્ષા વગેરે દ્વારા લૌકિક ગુણો વડે (આત્મરૂપતાથી) (જે) નથી વિચલિત કરી શકાતો (અને) ભગવદાત્મક ગુણો જ (ગુણોમાં-પોતપોતાનાં કાર્યોમાં ભગવદિચ્છાથી તેઓ પોતે જ) પ્રવર્તી રહ્યા છે એમ (સમજ ધરાવતાં) જે સ્થિત રહે છે (તે) (પોતાના આત્મરૂપથી) નથી ચલાયમાન થતો ॥ ૨૩ ॥

સમદુઃખસુખઃ સ્વસ્થઃ સમલોષ્ટાશ્મકાઞ્ચનઃ ।
તુલ્યપ્રિયાપ્રિયો ધીરઃ તુલ્યનિન્દાત્મસંસ્તુતિઃ ॥ ૨૪ ॥
માનાપમાનયોસ્તુલ્યઃ તુલ્યો મિત્રારિપક્ષયોઃ ।
સર્વારમ્ભપરિત્યાગી ગુણાતીતઃ સ ઉચ્યતે ॥ ૨૫ ॥

અન્વય	અર્થ
સ્વસ્થ	આત્મામાં-મારા સ્વરૂપમાં સ્થિત થયેલો
સમદુઃખ-સુખ	લૌકિક-અલૌકિક દેહરૂપમાં સંયોગ-વિયોગાત્મક સુખ-દુઃખ જેને સમાન છે (તેમજ)
સમલોષ્ટા-શ્મકાઞ્ચનઃ	(સર્વ કાંઈ ભગવદાત્મક હોવાથી) જેને માટી, પત્થર અને સુવાર્ણ સમાન છે (અને)
તુલ્યપ્રિયા-પ્રિયઃ	(દરેકમાં ભગવદિચ્છાની જ મુખ્યતા છે તેમ વિચારે) સંયોગ-વિયોગરૂપના પ્રિય-અપ્રિય બન્ને જેને એકસરખા છે (તેવો)
ધીરઃ	વિપ્રયોગ વગેરેના તીક્ષ્ણ દુઃખમાં સહનશીલ (તથા)
તુલ્યનિન્દા-ત્મ સંસ્તુતિઃ	પોતાની સ્તુતિ અથવા નિન્દા બન્ને જેને એકસરખા છે તેવો ॥ ૨૪ ॥
માનાપમાન-સ્તુલ્યઃ	(ભગવાન પોતાનો જાણીને જે કરે તે) માન-અપમાન બન્નેમાં સમ રહેનારો (અને)
મિત્રારિપક્ષ-યોસ્તુલ્યઃ	પોતે ભગવદીય હોવાથી પોતાના તેવા જ મિત્રો અને પોતાનામાં ભગવદીયપણાએ સમાન-તુલ્ય ભાવવાળો અને શત્રુપક્ષમાં પણ તેઓ પણ ભગવાનના જ છે તેમ વિચારે તેમનાં દોષદર્શન નહીં કરીને તેમનામાં પણ મિત્ર-

	શત્રુ વચ્ચે તુલ્ય-સમાન ભાવવાળો,
સર્વારમ્ભ-પરિત્યાગી	સર્વ પદાર્થોના દેખાતા ભાવ-વિચારને પરિત્યાગ કરવાના શીલવાળો
સઃ	તે (આ પ્રકારના આચારવાળો)
ગુણાતીતઃ	ગુણાતીત
ઉચ્યતે	કહેવાય છે ॥ ૨૫ ॥

ભાવાર્થ – આત્મામાં-મારા સ્વરૂપમાં સ્થિત થયેલો લૌકિક-અલૌકિક દેહરૂપમાં સંયોગ-વિયોગાત્મક સુખ- દુઃખ જેને સમાન છે (તેમજ) (સર્વ કાંઈ ભગવદાત્મક હોવાથી) જેને માટી, પત્થર અને સુવાર્ણ સમાન છે (અને) (દરેકમાં ભગવદિચ્છાની જ મુખ્યતા છે તેમ વિચારે) સંયોગ-વિયોગરૂપના પ્રિય-અપ્રિય બન્ને જેને એકસરખા છે (તેવો) વિપ્રયોગ વગેરેના તીક્ષ્ણ દુઃખમાં સહનશીલ (તથા) પોતાની સ્તુતિ અથવા નિન્દા બન્ને જેને એકસરખા છે તેવો ॥ ૨૪ ॥ (ભગવાન પોતાનો જાણીને જે કરે તે) માન-અપમાન બન્નેમાં સમ રહેનારો (અને) પોતે ભગવદીય હોવાથી પોતાના તેવા જ મિત્રો અને પોતાનામાં ભગવદીયપણાએ સમાન-તુલ્ય ભાવવાળો અને શત્રુપક્ષમાં પણ તેઓ પણ ભગવાનના જ છે તેમ વિચારે તેમનાં દોષદર્શન નહીં કરીને તેમનામાં પણ મિત્ર-શત્રુ વચ્ચે તુલ્ય-સમાન ભાવવાળો, સર્વ પદાર્થોના દેખાતા ભાવ-વિચારને પરિત્યાગ કરવાના શીલવાળો તે (આ પ્રકારના આચારવાળો) ગુણાતીત કહેવાય છે ॥ ૨૫ ॥

માં ચ યોઽવ્યભિચારેણ ભક્તિયોગેન સેવતે ।
સ ગુણાન્ સમતીત્યૈતાન્ બ્રહ્મભૂયાય કલ્પતે ॥ ૨૬ ॥

અન્વય	અર્થ
ચ	પરન્તુ
યઃ	જે
મામ્	મારા અર્થે મને પુરુષોત્તમને
અવ્યભિચારેણ	અનન્ય બની રહી
ભક્તિયોગેન	સ્નેહથી યુક્ત થઈ ભક્તિયોગ વડે
સેવતે	સેવે છે - સેવન કરે છે-ભજે છે,
સઃ	તે
એતાન્	આ ત્રાણે
ગુણાન્	ગુણોને
સમતીત્ય	અતિક્રમીને (ત્રાણે ગુણોનું અતિક્રમણ કરીને)
બ્રહ્મભૂયાય	બ્રહ્મભાવને માટે
કલ્પતે	સમર્થ-યોગ્ય થાય છે ॥ ૨૬ ॥

ભાવાર્થ – પરન્તુ જે મારા અર્થે મને પુરુષોત્તમને અનન્ય બની રહી સ્નેહથી યુક્ત થઈ ભક્તિયોગ વડે સેવે છે - સેવન કરે છે-ભજે છે, તે આ ત્રાણે ગુણોને અતિક્રમીને (ત્રાણે ગુણોનું અતિક્રમણ કરીને) બ્રહ્મભાવને માટે સમર્થ-યોગ્ય થાય છે ॥ ૨૬ ॥

બ્રહ્મણો હિ પ્રતિષ્ઠાઽહમમૃતસ્યાવ્યયસ્ય ચ ।
શાશ્વતસ્ય ચ ધર્મસ્ય સુખસ્યૈકાન્તિકસ્ય ચ ॥ ૨૭ ॥

અન્વય	અર્થ
હિ	નિશ્ચયે કરીને - જે કારણથી
બ્રહ્મણઃ	અક્ષરસ્વરૂપ બ્રહ્મની
ચ	અને
અમૃતસ્ય	મોક્ષની (તેમજ)
અવ્યયસ્ય	નિત્યસ્થિતિ એવા વૈકુણ્ઠની
ચ	અને
શાશ્વતસ્ય-ધર્મસ્ય	નિત્યરૂપ એવા શાસ્ત્રીય ભક્તિ વગેરે ધર્મની
ચ	અને (વળી)
સુખસ્યૈકાન્તિકસ્ય	રક્ષાત્મક ભાવાદિરૂપ સુખની
અહમ્	હું (જ)
પ્રતિષ્ઠા	સ્થિતિરૂપ-પ્રતિષ્ઠા-મૂલ છું ॥ ૨૭ ॥

ભાવાર્થ – નિશ્ચયે કરીને - જે કારણથી અક્ષરસ્વરૂપ બ્રહ્મની અને મોક્ષની (તેમજ) નિત્યસ્થિતિ એવા વૈકુણ્ઠની અને નિત્યરૂપ એવા શાસ્ત્રીય ભક્તિ વગેરે ધર્મની અને (વળી) રક્ષાત્મક ભાવાદિરૂપ સુખની હું (જ) સ્થિતિરૂપ-પ્રતિષ્ઠા-મૂલ છું ॥ ૨૭ ॥

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાસુ ઉપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે ગુણત્રયવિભાગયોગો નામ ચતુર્દશોઽધ્યાયઃ ॥ ૧૪ ॥